# ECHO OF HIS CALL

ECHO OF HIS CALL
REACHING NATIONS
SINCE 1969
1969 TO 2029

# સાદનો પ્રતિસાદ

GUJARATI

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXVII | YEAR OF OUR LORD JESUS CHRIST, 2025 OCTOBER | NO: 08


## પવિત્ર બાઈબલ

કૃપા કરી આ ભાગ મોટે કરો

ગીતશાસ્ત્ર ૨૯ : ૧ થી ૯

૧. હે પરાક્રમી દૂતો, યહોવાને દો, ગૌરવ તથા સામર્થ્ય યહોવાને દો;

૨. યહોવાના નામનું ગૌરવ તેને દો; પવિત્રતાની શોભા ધારણ કરીને યહોવાને ભજો.

૩. યહોવાનો સાદ પાણી પર ગાજે છે; ગૌરવવાન દેવ ગર્જના કરે છે, હા, યહોવા ઘણા પાણી પર ગર્જના કરે છે.

૪. યહોવાનો સાદ સમર્થ છે; યહોવાનો સાદ માહાત્મ્યથી ભરપૂર છે.

૫. યહોવાનો સાદ દેવદારોને ભાંગી નાખે છે; હા, યહોવા લબાનોનનાં દેવદારોના ટુકડેટુકડા કરી નાખે છે.

૬. વળી તે તેઓને વાછરડાની પેઠે કુદાવે છે; જંગલી ગોધાના બચ્ચાની પેઠે તે લબાનોન તથા સિર્યોનને કુદાવે છે.

૭. યહોવાનો સાદ અગ્નિની જવાળાને ભેદે છે.

૮. યહોવાનો સાદ અરણ્યને ધ્રુજાવે છે; યહોવા કાદેશના અરણ્યને ધ્રુજાવે છે;

૯. યહોવાના સાદથી હરણીઓના ગર્ભ ગળી જાય છે અને ઝાડીઓનાં ડાળાંપાંખડાં તૂટી પડે છે; અને તેના મંદિરમાં સઘળાં કહે છે કે, ગૌરવ!

## તમારા આશીર્વાદિત ભવિષ્યના સાત રહસ્યો !!



SEVEN SECRETS of your blessed future!!

– બહેન એન્જલ



આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના નામમાં આપ સૌને શુભેચ્છાઓ!

**ઈકો ઓફ હીજ કોલ** સામયિક મારફતે દર મહિને તમને મળીને મને ખૂબ આનંદ થાય છે. મને ભરોસો છે અને આશા રાખું છું કે તમે ઈશ્વરની કૃપાથી સારું કરી રહ્યા છો. આપણામાંના કેટલાકને અત્યારે અમારી વાતો સારી ન લાગે, પણ તમે આ સામયિકને વાંચવા માટે પસંદ કર્યું છે તે હકીકત એ વિશ્વાસનું એક પગલું છે. યાદ રાખો – ઈશ્વર હજુ પણ નિયંત્રણમાં છે. જ્યાં સુધી તેઓ કહે નહિ ત્યાં સુધી તે પૂરું થઈ શકતું નથી.

છેલ્લા કેટલાક અઠવાડિયાઓથી, ''તમારી પોતાની ચોકી કરો'' આ વાક્ય સતત મારા હૃદયમાં રહ્યું છે. મેં તેના પર અભ્યાસ કરવાનું અને મનન કરવાનું શરૂ કર્યું છે, અને હું તેમાંથી કેટલાક વિચારો તમારી સાથે વહેંચવા માંગું છું.

બાઈબલ આપણને આપણી જાતની ચોકી કરવાનું શીખવે છે. ચોકી કરવાનો અર્થ એ છે કે રક્ષણ કરવું, સાવધ રહેવું, સાવચેત રહેવું અને આપણી આસપાસ શું થઈ રહ્યું છે તે અંગે જાગૃત રહેવું. આવો આપણે કેટલાક મહત્વપૂર્ણ વિસ્તારો જોઈએ જ્યાં આપણે પોતાની જાતની ચોકી કરવી જ જોઈએ.

(અનુસંધાન પાન ૩ પર)




ઈકો ઓફ હીજ કોલ

ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !

પાળક એસ. સામ સેલ્વરાજ સાથે

પ્રાર્થના કરવાની એક તક!

પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!

અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ

દરરોજ – સવારે ૨.૦૦ વાગે થી

તમિલ રવિવારની ભજનસેવા – સવારે ૮.૩૦ વાગે

★ Please Subscribe and Share ★

# ECHO OF HIS CALL - (Marching towards 60th year)

Estd. 1969

## from your dearly beloved brother...



**"જે મારા મુખનું તારણ તથા મારો દેવ છે, તેનું હું હજી સ્તવન કરીશ."** - ગીતશાસ્ત્ર ૪૨:૧૧.



પ્રભુમાં વહાલા મિત્રો,

આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના મૂલ્યવાન નામમાં તમ સર્વને શુભેચ્છાઓ!!

તે સાચું છે કે ઈશ્વર આપણને આપણા સ્વભાવને સુધારવા અને આપણને તેમની નજીક દોરી લઈ જવા માટે મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી પસાર થવા દે છે. ગીતશાસ્ત્ર ૪૨માં, આપણે દાઉદને આવી મોસમમાંથી પસાર થતો જોઈએ છીએ. તે પર્વતોથી ખીણોમાં, વનમાંથી નદીની બાજુઓ સુધી ભટકતો રહ્યો હતો, હૃદયના ભારે બોજ સાથ અને શાંતિ મળે માટે લડતા રહેતા. તેમ છતાં, તે બધાની વચ્ચે, તેણે પોતાના આત્માને ઈશ્વરમાં વધુ ઊંડાણપૂર્વક ભરોસો કરવા પ્રોત્સાહન આપ્યું હતું.

દુઃખમાં, શોકમાં ઊંડો વિશ્વાસ રાખવાનો અર્થ એ છે કે દુઃખમાં ઈશ્વરની સ્તુતિ કરવી, અંધાધૂંધીમાં તેમના પર વિશ્વાસ કરવો, સંઘર્ષો વચ્ચે તેમનામાં આનંદ કરવો, અને સૌથી અંધકારમય રાતમાં પણ તેમના સત્યને વળગી રહેવું. આ મારો પણ અંગત અનુભવ રહ્યો છે, અને હું માનું છું કે પ્રભુ તે દ્વારા તેમાંથી તમને દોરી લઈ જશે.

જો આશા મૂળ છે, તો સ્તુતિ ફળ છે. સ્તુતિ અને આરાધના આપણા વિશ્વાસના મૂળને વધુ ઊંડું વધારે છે. તેથી જો તમે નિરાશાનો સામનો કરી રહ્યા છો, તો નિરાશ થશો નહિ - તમારી આશા છોડી દેશો નહિ! પકડી રાખો!! હિમ્મતવાન બનો!!! ઈશ્વરમાં તમારી આશા રાખો. તમે કદાચ પૂછો, પણ હું ઈશ્વરમાં કેવી રીતે આશા રાખી શકું?" મારો જવાબ સરળ છે: દાઉદે જે કર્યું તે કરો.

હું હજી તેમની સ્તુતિ કરીશ. માંદગીમાં તેમની સ્તુતિ કરો. તમે વધુ પડતા નાણાકીય બોજાઓનો સામનો કરી રહ્યા હો ત્યારે પણ કૃતજ્ઞતા સાથે તેમની સ્તુતિ કરો. તેઓ તમને શરમમાં મૂકવાની મંજૂરી આપશે નહિ. જ્યારે બધું બરાબર ચાલતું હોય ત્યારે આરાધના કરવી સરળ છે - તે કૃતજ્ઞતા છે. પણ જ્યારે બધુ આપણી સામે હોય એવું લાગે ત્યારે ઈશ્વરની આરાધના કરવી તે દ્રઢ આશાની નિશાની છે. ઈશ્વર આવા વિશ્વાસમાં પ્રસન્ન થાય છે.

દાઉદના જીવનમાં આ સાચું હતું. ઈશ્વરે તેના શત્રુઓને હરાવ્યા અને તેણે જે ગુમાવ્યું હતું તે બધું પુનઃસ્થાપિત કર્યું હતું. અયૂબ સાથે પણ એવું જ થયું હતું. જોકે અયૂબે બધું ગુમાવ્યું હોવા છતાં, અંતે ઈશ્વરે તેને બમણો આશીર્વાદ આપ્યો હતો. શાસ્ત્ર કહે છે કે, **"કેમ કે યહોવાએ અયૂબનો અંગીકાર કર્યો."** (અયૂબ ૪૨:૯). તામિલ ભાષામાં બાઈબલ અનુવાદ કહે છે, **"ઈશ્વર યહોવા પ્રભુએ અયૂબના મુખ તરફ જોયું હતું!"** કેવો આશીર્વાદિત અનુભવ!તે જ રીતે, ઈશ્વર તમારી સંભાળ રાખશે. તેમનામાં તમારી આશા મૂકો, અને તમે તેમની ભલાઈને જોશો.

ઈશ્વર અમારી મિનિસ્ટ્રીજને ભરપૂરીપણાથી આશીર્વાદિત કરી રહ્યા છે. ખરેખર, **"યહોવા મારો પાળક છે; તેથી મને કશી ખોટ પડશે નહિ."** ગીતશાસ્ત્ર ૨૩:૧. હું માનું છું કે આ મહિનામાં ઈશ્વર તમને અને મને આવી કૃપાથી અભિષિક્ત કરશે કે આપણે આત્મવિશ્વાસ સાથે જાહેર કરી શકીશું: જેઓ અવિશ્વાસ ધરાવે છે એવા લોકો મધ્યે હું રહીશ નહિ.

કૃપા કરીને **ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રી માટે આગ્રહથી પ્રાર્થના કરવાનું ચાલુ રાખશો અને જેમ ઈશ્વર તમને સક્ષમ કરે તેમ કૃપા કરીને તમારી સહાયતા અને સહકારથી અમારું સમર્થન કરશો.

આવો પ્રભુ સમૃદ્ધપણે તમને આશીર્વાદિત કરો!

ઈસુ ખ્રિસ્તમાં, તમારો સેવક,

પાસ્ટર એસ. સામ સેલ્વ રાજ, E.mail : sam@echoofhiscall.org

### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઈએ અને શીખવવું જોઈએ. આ સમયની જરૂરિયાત છે.

HON. EDITOR-IN-CHIEF
Rev. Dr. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

EX MANAGING EDITOR
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER
Bro. N. Prakasam, M.A., M.Sc(C&P), PGDHRM, MBA.

ADMINISTRATION
Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD
Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Rev. Dr. K.R. Rajasekaran
Rev. Dr. William Robert, Ph.D., DD, D.Lit.

EDITOR, PUBLISHER & PRINTER
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

E.MAIL
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.org

YOUTUBE CHANNEL
Echo of His Call

Our Ministries: ECHO OF HIS CALL Monthly Magazines (16 languages) BIBLECOR - Postal Courses (3 languages) Media Ministry Online Courses Theological Correspondence Courses (2 languages) Church Planting Nehemiah Bible Colleges Gospel Printing Press Great Commission Partners St. Paul's Matriculation School Crusades Community Development

(પાન ૧થી આગળ...)

## ૧. તમારા હૃદયની સંભાળ રાખો!

**"પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ; કેમ કે તેમાંથી જ જીવનનો ઉદ્‌ભવ છે."** નીતિવચનો ૪:૨૩.

હૃદય માટેનો હિબ્રુ શબ્દ "લેબ" છે, જે આપણી ભાવનાઓ, વિચારો અને લાગણીઓના સ્થાનનો સંદર્ભ આપે છે. તે તે સ્થાન છે જ્યાંથી આપણે વિચારીએ છીએ, કારણ શોધીએ છીએ અને નિર્ણય લઈએ છીએ. તેથી જ બાઇબલ હૃદયની ચોકી કે રક્ષા કરવા પર ભાર મૂકે છે - કારણ કે આપણા હૃદયની સ્થિતિ આપણા સમગ્ર જીવનની દિશાને આકાર આપે છે.

આપણું હૃદય વ્યાખ્યાયિત કરે છે કે આપણે કોણ છીએ. તે આપણા અસ્તિત્વનું સૌથી જટિલ અંગ છે - તેને સમજવું મુશ્કેલ છે, અને ઘણીવાર તે આપણી પોતાની પહોંચથી આગળ હોય છે. આથી જ દાઉદે પ્રાર્થના કરી કે, "હે ઈશ્વર, મારી પરીક્ષા કરો," કારણ કે હૃદય જટિલ, ભ્રામક અને અનિર્ણાયિક હોઈ શકે છે. ફક્ત સર્જક તેને ખરેખર પારખી શકે છે, તેની છુપાયેલી દુષ્ટતાને છતી કરી શકે છે અને તેને શુદ્ધ કરી શકે છે.

ઈશ્વર ફક્ત આપણા હૃદયના પાપને જ જોતા નથી, પણ તેઓ તેમાંના રહેલા દુઃખ અને ઘાને પણ જુએ છે. જેમ ગીતકર્તા જાહેર કરે છે: "**હે યહોવા, મારી કસોટી કરીને મારી પરીક્ષા કર; મારા અંતઃકરણ તથા હૈયાને કસી જો.**" - ગીતશાસ્ત્ર ૨૬:૨. આપણા હેતુઓ અને ક્રિયાઓ હમેશાં એક સાથે ગોઠવેલા હોતા નથી. જે આપણને ચોખ્ખું અને શુદ્ધ લાગે છે તે ઈશ્વરની નજરમાં સંપૂર્ણપણે અલગ દેખાઈ શકે છે, કેમ કે "યહોવા પ્રભુ મનની તુલના કરે છે."

શાસ્ત્ર આપણને યાદ અપાવે છે કે: "**હું યહોવા મનમાં શું છે તે શોધી કાઢું છું, હું અંતઃકરણને પારખું છું કે, હું દરેકને તેના આચરણ તથા તેની કરણીઓ પ્રમાણે બદલો આપું.**" - યર્મિયા ૧૭:૧૦. તેથી જ આપણે આપણા હૃદયને શું પ્રભાવિત કરે છે તેના વિશે સાવચેત રહેવું જોઈએ.

બાઈબલ આપણને આપણા હૃદયની બીજા બધાથી સંભાળ રાખવા વિનંતી કરે છે, કેમ કે તે તમારા જીવનનો માર્ગ નક્કી કરે છે. નીતિવચનો ૪:૨૩. એવી જ રીતે, નીતિવચનો ૨૩:૭ શીખવે છે કે, "**જેવો માણસ વિચાર કરે છે, તેવો જ તે છે.**"

વહાલા ઈશ્વરના બાળકો, તમારા હૃદયમાં અંદર શું પ્રવેશે છે તે વિશે સાવચેત રહો અને સજાગ રહો - સોશિયલ મીડિયા, તમે વાંચેલા પુસ્તકો, તમે જુઓ છો તે ચલચિત્રો અથવા તમારા મિત્રો સાથે જોડાયેલા વાર્તાલાપો દ્વારા. દરેકનો પ્રભાવ મહત્વપૂર્ણ છે, કારણ કે તમારું હૃદય આખરે તમારા જીવનની દિશાને આકાર આપે છે.

## ૨. તમારા મુખ પર ચોકી રાખો!

જ્યારે આપણે મોં કહીએ છીએ, ત્યારે તેમાં જીભ પણ સામેલ છે - અને તે એક ધારદાર શસ્ત્ર છે.

**"જીભ પણ એક નાનો અવયવ છે, છતાં તે મોટી મોટી બડાશ મારે છે. જુઓ, કેટલો થોડો અગ્નિ કેટલા મોટા વનમાં દવ લગાડે છે! જીભ તો અગ્નિ છે, દુષ્ટતાનું જગત છે; આપણા અવયવોમાં જીભ એવી છે કે, તે આખા શરીરને મલિન કરે છે, તે ભૂમંડળને સળગાવે છે, અને તે પોતે નરકથી સળગાવવામાં આવેલી છે."** - યાકૂબનો પત્ર ૩:૫,૬.

આપણા મોંમાંથી જે બહાર આવે છે તે કોઈ વ્યક્તિને બનાવી શકે છે અથવા તોડી શકે છે. તેથી જ આપણા શબ્દોની તાકાતને સમજવી નિર્ણાયક છે.

ઘણી વખત, આપણે ગુસ્સામાં બોલીએ છીએ અને પછી એમ કહીને પોતાને માટે બહાનું આપીશું, "મારો કહેવાનો અર્થ તે નહોતો." ઘણી વાર, આપણે આપણને સૌથી વધુ ગમતા લોકોને હળવાશથી લઈએ છીએ અને આપણો ક્રોધ, હતાશાઓ અને નિરાશાઓને બહાર કાઢવા માટે તેમનો ઉપયોગ કરીએ છીએ. દુર્ભાગ્યે, આ ઘણીવાર કઠોર અને નુકસાનકારક શબ્દો તરીકે બહાર આવે છે.

કોઈક શક્તિવિહીન વ્યક્તિ પ્રત્યે સામે લડવા આપણે આપણા ક્રોધને કેટલી વાર ખોટી રીતે દિશામાન કર્યો છે?

### બાઈબલ આપણને ચેતવણી આપે છે:

**"જે કોઈ પોતાના મોંઢાની તથા જીભની સંભાળ રાખે છે, તે સંકટમાંથી પોતાના આત્માનું રક્ષણ કરે છે."** - નીતિવચનો ૨૧:૨૩. ગીતકર્તાએ પણ એક સુંદર પ્રાર્થના કરી હતીઃ "હે **યહોવા, મારા મોંઢા પર ચોકી રાખ; મારા હોઠોનું દ્વાર સંભાળ.**" - ગીતશાસ્ત્ર ૧૪૧:૩.

આવો આ આપણી પ્રાર્થના પણ થવા દો. આવો આપણે આપણા મોંમાંથી આવતા દરેક શબ્દને માટે કાળજી રાખીએ.

## ૩. તમારા પગલાં સંભાળો!

"...તારો પગ સંભાળ.." - સભાશિક્ષક ૫:૧.

આપણે ભરેલું દરેક પગલું આપણા ભાગ્યને આકાર આપે છે. તેથી, આપણે કાળજીપૂર્વક ચાલવું તે ખૂબ જ મહત્વપૂર્ણ છે - આપણે આપણા પગ ક્યાં મૂકીએ છીએ અને જે દિશામાં આપણે આગળ વધીએ છીએ તેના પર આપણે લક્ષ આપવું જોઈએ.

આપણે ક્યાં જઈએ છીએ અને ક્યા હેતુ માટે આપણે જઈએ છીએ તે વિશે સજાગ રહેવું મહત્વપૂર્ણ છે. ઘણી વાર, આપણે આપણી પોતાની શક્તિ અને નબળાઈઓને હળવાશથી લઈએ છીએ, એ સમજ્યા વગર કે ફક્ત એક ખોટું પગલું ઈશ્વર આપણા માટે ઈચ્છે છે ત્યાંથી દૂર લઈ જઈ શકે છે. કેટલીકવાર, પાછા ફરવામાં પણ વર્ષોનો સમય લાગી શકે છે, આપણો કિંમતી




## ખાસ તાકીદની સૂચના!

ત્યાં કદાચ નજીકના ભવિષ્યમાં ઈકો ઓફ હીજ કોલની ટપાલ મોકલવામાં અનિવાર્ય વિક્ષેપ થઈ શકે છે. જો તમે કોઈ પણ વિક્ષેપ કે અવરોધ વિના ઈકો ઓફ હીજ કોલ પ્રાપ્ત કરવાનું ચાલુ રાખવા માંગતા હો, તો કૃપા કરીને અમને તરત જ તમારું નામ, સરનામું, ઈમેઈલ સરનામું અને વોટ્સએપ નંબર, પત્ર દ્વારા, ઈમેઈલ, ફોન અથવા એસએમએસ/વોટ્સએપ સંદેશા દ્વારા મોકલશો. તમારો ટેકો, પ્રોત્સાહન અમને તમારી વધુ સારી સેવા કરવામાં સહાયરૂપ બને છે!

અમારું સરનામું :

**ECHO OF HIS CALL,**
10, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005, India
Cell: (+91) 98412 71858 / 98410 71858 E.mail: sam@echoofhiscall.org

સમયનો વ્યય થાય છે અને માર્ગમાં આવતા ઈશ્વરના આશીર્વાદોથી આપણે વંચિત રહી જઈએ છીએ.

તેથી, ઈશ્વરને આપણી યોજનાઓ સમર્પિત કરવી અને તેમને તેમની ઈચ્છાથી ગોઠવણ કરવી તેમાં જ ડહાપણ છે. જેમ નીતિવચનો ૧૬:૯ આપણને યાદ અપાવે છે, આપણે આપણી યોજનાઓ ઠરાવી શકીએ છીએ, પણ તેનાં પગલાં ચલાવવાનું યહોવા પ્રભુના હાથમાં છે. આપણા ઈશ્વર આલ્ફા તથા ઓમેગા છે – તેઓ ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને જાણે છે. તેઓ આપણી સફળતાઓ અને આપણી નિષ્ફળતાઓ, બન્નેને જુએ છે. જ્યારે આપણે બધું તેમના હાથોમાં સોંપીએ છીએ, ત્યારે આપણે ખાતરી રાખી શકીએ છીએ કે તેમની યોજનાઓ હંમેશાં સારી હોય છે, કેમ કે તેઓ આપણને ઊંડો પ્રેમ કરે છે. તેમણે આપણા માટે પોતાનો જીવ આપી દીધો, ફરીથી સજીવન થયા, અને હવે આપણને તેમના સાર્વભૌમત્વમાં ભરોસો રાખવા માટે તેડે છે.

આવો આ આપણી પ્રાર્થના થવા દો: **"તારા વચન પ્રમાણે મારી પાસે ડગલાં ભરાવ; અને કોઈ પણ અન્યાયને મારા પર ધણીપણું કરવા ન દે."** ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૩. મારા સર્વ જુવાન મિત્રો, હું તમને વિનંતી કરું છું – તમારી જુવાનીમાં યહોવા પ્રભુને તમારા માર્ગો સમર્પિત કરો. તમને તે માટે ક્યારેય ખેદ થશે નહિ.

## ૪. લોભથી દૂર રહો!

ત્યાં મહત્વાકાંક્ષા અને લોભ વચ્ચે ખૂબ જ પાતળી રેખા છે. મહત્વાકાંક્ષા તંદુરસ્ત હોઈ શકે છે, પણ લોભ વિનાશક છે. ઈસુએ પોતે ચેતવણી આપી હતી, **"સાવધાન રહો, અને સર્વ પ્રકારના લોભથી દૂર રહો."** લૂક ૧૨:૧૫.

ઓક્સફર્ડ શબ્દકોશ લોભને વ્યક્તિની જરૂરિયાત કરતાં વધુ પડતી સંપત્તિ, મિલકતો અથવા શક્તિની અતિશય ઈચ્છા રાખવી અથવા જરૂરી કરતાં વધુ ખોરાક અથવા પીવાની તીવ્ર ઈચ્છા રાખવી તરીકે વ્યાખ્યાયિત કરે છે. વધુ પડતી, અતિશય ઈચ્છા અને જરૂરી કરતાં વધુ શબ્દોની નોંધ લો. આ તે છે જે મહત્વાકાંક્ષાથી લોભને અલગ પાડે છે.

બાઈબલ આપણને સંતોષી રહેવાનું શીખવે છે, જે લોભી અથવા સતત વધુ ઈચ્છતા હોવાની વિરુદ્ધ છે. **તમારા જીવનને પૈસાના પ્રેમથી મુક્ત રાખો અને તમારી પાસે જે છે તેમાં સંતોષ રાખો,** કારણ કે **"ઈશ્વરે કહ્યું છે કે, હું તને કદી મૂકી દઈશ નહિ, અને તને તજીશ પણ નહિ."** – હિબ્રૂઓને પત્ર ૧૩:૫.

આપણો સંતોષ આપણી સામે જેની આપણે ઈચ્છા રાખીએ છીએ તે બધું રાખવા પર આધારિત નથી. ઊલટું, તે ઈશ્વરને જાણીને આવે છે જેઓ આખા જગતને અને તેની બધી સંપત્તિ તેમના હાથોમાં રાખે છે. તેમની પાસે દરેક પરિસ્થિતિને નિયંત્રિત કરવાની અને આપણા ભલા માટે બધી બાબતોમાં કામ કરવાનું સામર્થ્ય છે. તેમણે આપણને વચનની ખાતરી આપી છે કે તેઓ આપણને ક્યારેય છોડી દેશે નહિ કે તજી દેશે નહિ. તેઓ આપણને ક્યારેય અધવચ્ચેથી છોડી દેશે નહિ, પણ વિશ્વાસપૂર્વક આપણને આગળ લઈ જશે – જેથી આપણે તેમના પર સંપૂર્ણ ભરોસો કરી શકીએ.

જો ઈશ્વરે તેમના એકમાત્ર પુત્રને પોતાનાથી પાછો રાખ્યો નહિ પણ આપણને પાપ અને શાપના બંધનથી મુક્ત કરવા માટે આપી દીધો, તો શું તેઓ આપણા જીવનોની દરેક જરૂરિયાત માટે પણ પૂરું પાડવાની વ્યવસ્થા નહિ કરશે? **"જેણે પોતાના દીકરાને પાછો રાખ્યો નહિ, પણ આપણ સર્વને માટે તેને સોંપી દીધો, તે કૃપા કરીને આપણને તેની સાથે બધુંએ કેમ નહિ આપશે?"** રોમનોને પત્ર ૮:૩૨.

વહાલા ભાઈઓ તથા બહેનો, આ વાત મન પર લો: **તેઓ યહોવા-યિરેહ છે** – આપણને પૂરું પાડનાર. તેઓ પોતાના મહિમાની સંપત પ્રમાણે આપણી સર્વ ગરજો પૂરી પાડવામાં સમર્થ છે. તેમને વળગી રહો, તેમના પર ભરોસો કરો, અને તેઓ તમને તેમના સ્વર્ગીય ભરપૂરપણાથી આશીર્વાદિત કરશે.

જે મોટા જોખમોથી આપણે આપણી જાતને બચાવવી જોઈએ તેમાંનો એક છે, નાણાંનો, દ્રવ્યનો પ્રેમ, **"..કેમ કે દ્રવ્યનો લોભ સઘળા પ્રકારનાં પાપનું મૂળ છે..."** – ૧ તિમોથીને પત્ર ૬:૧૦. શાસ્ત્ર પણ આપણને યાદ અપાવે છે, **"..રૂપાનો લોભી રૂપાથી તૃપ્ત થશે નહિ; અને સમૃદ્ધિનો ભાવિક સમૃદ્ધિથી સંતોષ પામશે નહિ"** – સભાશિક્ષક ૫:૧૦. સંપત્તિ પર દ્રષ્ટિ રાખનાર હૃદય ક્યારેય ખરેખર સંતોષી નહિ રહે.

કૃપા કરીને સમજો – દ્રવ્ય પોતે જ સમસ્યા નથી. આપણને જીવવા માટે, સખત મહેનત કરવા માટે અને આપણા કુટુંબોને પૂરું પાડવા માટે નાણાંની જરૂર પડે છે. પણ જ્યારે નાણાંની શોધ આપણા આત્મિક જીવન, આપણા કુટુંબ અથવા ઈશ્વરના રાજ્ય પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાની કિંમતે આવે છે, ત્યારે તે જોખમકારક બને છે. જો કોઈ કાર્ય માંગ કરે છે કે તમે ઈશ્વરની સાથેના સમયનું બલિદાન આપો, સંગતની અવગણના કરો, અથવા તેમની સાથે તમારા ચાલવામાં સમાધાન કરો, તો તે કાર્યનું ફરીથી મૂલ્યાંકન કરવાનો સમય આવી ગયો છે.

## ૫. તમને જે સોંપવામાં આવ્યું હતું તેને સંભાળી રાખો!

**"હે તિમોથી, જે સત્ય તને સોંપવામાં આવ્યું છે તે સંભાળી રાખ."** – ૧ તિમોથીને પત્ર ૬:૨૦.

ઈશ્વરે તમને સોંપેલી બાબતો વિશે વિચારો! તેમને બહારના પ્રભાવથી બચાવવા માટે કાળજી રાખો. તે તમારું કુટુંબ, તમારું કાર્ય, તમારી નાણાંકીય બાબતો, તમારું તેડું, તમારો અભિષેક અથવા તમારું સેવાકાર્ય હોઈ શકે છે – તમારા જીવનથી તેની સંભાળ રાખો!

આવો આપણે એવા એક ચાકર જેવા ન બનીએ, જેણે તેનો એક તાલંત સંતાડી રાખ્યો હતો. ઈશ્વરની ઈચ્છા છે કે આપણે જે આપણા હાથોમાં મુકવામાં આવ્યું છે તેને બમણું કરીએ. તમારી પાસે જે છે તેને સંઘરી રાખો અને વિશ્વાસપણે તેનો ઉપયોગ કરો. તે જ સમયે, ઈશ્વરે તમને જે સોંપ્યું છે તેને આગળ લઈ જઈને બીજાઓને જણાવવું મહત્વપૂર્ણ છે. શાસ્ત્ર કહે છે: **"જે વાતો... તે બીજાઓને પણ શીખવી શકે એવા વિશ્વાસુ માણસોને સોંપી દે.."** – ૨ તિમોથીને પત્ર ૨:૨.

વહાલા મિત્રો, ઈશ્વરે આપણા માટે શું કર્યું છે તે વિશે – આપણા બાળકોને, આગામી પેઢીને અને આપણી આસપાસના લોકોને શીખવવા માટે આપણને તેડવામાં આવ્યા છે. તમારી પાછળ એક વારસો છોડો જે તેમનો મહિમા કરવાનું ચાલુ રાખશે.

## ૬. સારી રીતે પૂરું કરવા માટે તમારા માર્ગની રક્ષા કરો અને બદલો પ્રાપ્ત કરો!

ઘણા લોકો સારી શરૂઆત કરે છે, પણ પછી માર્ગમાં ક્યાંક તેઓ લક્ષ ગુમાવી દે છે. એકરૂપતા, સુમેળતા મજબૂત રીતે પૂરું કરવાની ચાવી છે. પછી ભલે તે બાઈબલ વાંચન હોય, પ્રાર્થના કરવા વિશે હોય, સેવા કરવા વિશે હોય

(આગળ પાન ૭ પર...)

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES SINCE 1986

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનીને પત્ર ૧૨:૧૩), અને ઝંઘ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૫ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ ઈશ્વરની સ્તુતિ કરવાના મુદ્દાઓ....

**ઓક્ટોબર ૧૯:** વિશ્વભરમાં બાઈબલ અને ખ્રિસ્તી સાહિત્ય છાપવામાં જે લોકો સામેલ છે તેમની જરૂરિયાતો પૂરી કરવાને માટે.

**ઓક્ટોબર ૨૦:** આપણા સહ સંપાદકો અને તેમના સહાયકોની સલામતીને માટે.

**ઓક્ટોબર ૨૧:** અમારી બહુવિધ મિનિસ્ટ્રીઓ દ્વારા સુવાર્તાનો પ્રચાર કરવા માટે અમારા વડીલ પાળકની પ્રતિબદ્ધતાને માટે.

**ઓક્ટોબર ૨૨:** કે અમે અન્ય મિનિસ્ટ્રીજને પણ ટેકો આપવા માટે સક્ષમ થઈ શકીએ તે માટે.

**ઓક્ટોબર ૨૩:** આપણા સહ સંપાદકો અને તેમના પરીવારો પરના આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૨૪:** **સેન્ટ પોલ મેટ્રિક્યુલેશન સ્કૂલમાં** ચાલતી અમારી રવિવારની સાબ્બાથ શાળાના બાળકોના કાર્યક્રમમાં નવા વિદ્યાર્થીઓ જોડાયા છે તે માટે.

**ઓક્ટોબર ૨૫:** અમારા **બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમ** અને ***ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમની** વૃદ્ધિને માટે.

**ઓક્ટોબર ૨૬:** અમારા સમર્થકોને માટે અને મિનિસ્ટ્રીમાં તેમની ભાગીદારીને માટે.

**ઓક્ટોબર ૨૭:** આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પરની અને તેમના કુટુંબો પરની ઈશ્વરની દયાને માટે.

**ઓક્ટોબર ૨૮:** અમારી **નહેમ્યા સાંધ્ય બાઈબલ કોલેજની** સરળ કામગીરીની ખાતરી કરાવવા કૃતજ્ઞતા સાથે તેમની દયાને માટે.

**ઓક્ટોબર ૨૯:** અમારા મુખ્ય ચર્ચમાં જુવાનોની મિનિસ્ટ્રીની વૃદ્ધિને માટે.

**ઓક્ટોબર ૩૦:** અમારા મિશનરીઓ અને તેમના કુટુંબો પરના આશીર્વાદોને માટે.

**ઓક્ટોબર ૩૧:** અમારા મુખ્ય ચર્ચમાં પુરુષોની સભા પરના ઈશ્વરના આશીર્વાદોને માટે.

**નવેમ્બર ૦૧ :** પાછલા મહિનાની અમારી સર્વ નાણાંકીય તથા આત્મિક જરૂરિયાતો પૂરી પાડવા કૃતજ્ઞતા વ્યક્ત કરતા.

**નવેમ્બર ૦૨ :** અમારા સુવાર્તા છાપખાનાના અવિરત સંચાલન માટે અને તેના કાર્યકરોની સમર્પિતતાને માટે.

**નવેમ્બર ૦૩ :** અમારી સર્વ મિનિસ્ટ્રીજમાં ઈશ્વરની દોરવણીને માટે.

## ✝ કૃપા કરીને આ માટે પ્રાર્થના કરશો...

**નવેમ્બર ૦૪ :** અમારી નિવાસી અને સાંધ્ય **નહેમ્યા બાઈબલ કોલેજમાં** વિદ્યાર્થીઓની શિસ્ત અને સમર્પિતતાને માટે.

**નવેમ્બર ૦૫ :** સર્વ દેશો મધ્યે એકતા અને શાંતિ સ્થપાય તે માટે.

**નવેમ્બર ૦૬ :** મુખ્ય ચર્ચમાંના અને તેના શાખા ચર્ચોમાંના **ઈકો ઓફ હીઝ કોલના** વિશ્વાસીઓ અને તેમના પરિવારોના કલ્યાણને માટે.

**નવેમ્બર ૦૭ :** માદક દ્રવ્યોના ફાંદાથી બાળકો અને જુવાનોના રક્ષણને માટે.

**નવેમ્બર ૦૮ :** આપણા સહ સંપાદકો અને તેમના પરીવારોના સ્વાસ્થ્ય માટે અને સલામતીને માટે.

**નવેમ્બર ૦૯ :** વિશ્વભરમાંથી બાળ તસ્કરી નાબૂદ થાય તે માટે.

**નવેમ્બર ૧૦ :** પરાક્રમી ચમત્કારો, અજાયબીઓ અને ચિન્હો સર્વ ખ્રિસ્તી મિનિસ્ટ્રીજોમાં ભરપૂરીપણે થાય તે માટે.

**નવેમ્બર ૧૧ :** અમારા ભાગીદારો, રાજ્ય કોઓર્ડિનેટરો અને તેમના કુટુંબીજનોને માટે.

**નવેમ્બર ૧૨ :** વિશ્વના ઘણા ભાગોને અસર કરતી આર્થિક મંદીથી રાહતને માટે.

**નવેમ્બર ૧૩ :** પૃથ્વી પર તેમના રાજ્યને બાંધવાના દર્શનો પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે.

**નવેમ્બર ૧૪ :** હાંસિયામાં ધકેલાયેલા અને કચડાયેલા સમુદાયોના આર્થિક ઉત્થાનને માટે.

**નવેમ્બર ૧૫ :** વિશ્વભરના મિશનરી કાર્યકરોના દૈવી સંરક્ષણને માટે.

**નવેમ્બર ૧૬ :** દરેક રાષ્ટ્ર ઈશ્વરની બીક રાખતા આગેવાનો દ્વારા દોરવણી પામે તે માટે.

**નવેમ્બર ૧૭ :** અમારી નાણાકીય જરૂરિયાતો, પગારો, છાપકામ પુરવઠા, ટપાલ ખર્ચા અને અમારી મિનિસ્ટ્રીજ સાથે સંબંધિત પરિવહન સહિતની જોગવાઈને માટે.

**નવેમ્બર ૧૮ :** સર્વ વિશ્વાસીઓના હૃદયો પ્રકાશિત થાય તે માટે.

## પ્રામકર્તાઓના પુરસ્કારો!

પ્રામકર્તાઓના પુરસ્કારો અમારા સહકાર્યકરોને એનાયત કરવામાં આવ્યા હતા - બહેન નાગજોથિ, આઈપીએસ, માનનીય ન્યાયાધીશ એગ્નેસ, અને બહેન સી. મેરી મેગદાલીનને - ૨૭મી, એપ્રિલ, ૨૦૨૫ના રોજ, તેમના વિશ્વાસુપણા, સખત મહેનત અને તેમના સંબંધિત વ્યવસાયો અને મિનિસ્ટ્રીઓમાં નોંધપાત્ર સિદ્ધિઓની સ્વીકૃતિમાં. ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજ દ્વારા પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા.

## મિનિસ્ટ્રીમાં માનનીય પદવી (Doctorate) પુરસ્કારો!

મિનિસ્ટ્રીના પુરસ્કારોમાં માનનીય પદવી (Doctorate) વરિષ્ઠ વકીલ એન.







વરિષ્ઠ વકીલ એન. બાલાજી, રેવ. મોથિસ વિનોથ અને બહેન એન્જેલાઈન સેલ્વાકુમારી હેનરીએ મિનિસ્ટ્રીમાં માનનીય પદવી (Doctorate) પ્રાપ્ત કરી હતી.

# ખાસ પ્રસંગો!

બાલાજી, રેવ. મોથિસ વિનોથ અને બહેન એન્જેલાઈન સેલ્વાકુમારી હેનરીને ૧૦ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ એનાયત કરવામાં આવ્યા હતા. આ પુરસ્કારો ઈકો ઓફ હીજ કોલ મારફતે ઈશ્વરની મિનિસ્ટ્રીમાં તેમની નિષ્ઠાવાન, વિશ્વાસુપણા અને સમર્પિત સેવાની સ્વીકૃતિમાં આપવામાં આવ્યા હતા.

## ઈકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રીજનો ૫૭મો વાર્ષિકોત્સવ!

**ઈકો ઓફ હીજ કોલ** મિનિસ્ટ્રીજના ૫૭મા વાર્ષિકોત્સવની ઉજવણીના ઉપલક્ષ્યમાં વિશેષ સભાઓ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ અમારા મુખ્ય ચર્ચમાં યોજાઈ હતી.





રેવ. ડો. સ્ટીફન દેવાકુમાર અને રેવ. ડો. જે. ડી. ચાર્લ્સ - મુખ્ય વક્તાઓ

રેવ. ડો. સ્ટીફન દેવાકુમાર અને રેવ. ડો. જે. ડી. ચાર્લ્સ મુખ્ય વક્તાઓ હતા. આ સમારોહ ઈશ્વરના નામનો મહિમા વધારવા દ્વારા ચિન્હિત થયા હતા.

## બાળકોના સમર્પણની ભજનસેવા!

ભાઈ મોહન અને બહેન રેશેલના પુત્ર જાબેઝ જેવાન અને ભાઈ સિમસન અને બહેન એસ્થરના પુત્ર બેનેટિક માટે બાળકોના સમર્પણની ભજનસેવા આયોજિત કરવામાં આવી હતી.



ભાઈ મોહન અને બહેન રશેલનો પુત્ર જાબેઝ જેવાન



ભાઈ સિમસન અને બહેન એસ્થરનો પુત્ર બેનેટિક

## DIp.Th. and B.Th. અભ્યાસક્રમો!

ડિપ્લોમા ઈન થિયોલોજી (Dip.Th.) અને બેચલર ઓફ થિયોલોજીના (B.Th.) અભ્યાસક્રમોનું ઉદ્ઘાટન અનુક્રમે ચેપોક અને સંથોષપુરમની **નહેમ્યા બાઈબલ કોલેજોમાં** કરવામાં આવ્યું હતું,

અસરકારક મિનિસ્ટ્રી માટે વિદ્યાર્થીઓને સજ્જ કરવા અને સશક્તિકરણ કરવા માટે.



ચેપોકની નહેમ્યા બાઈબલ કોલેજના વિદ્યાર્થીઓ



સંથોષપુરમની નહેમ્યા કોલેજના વિદ્યાર્થીઓ

ECHO OF HIS CALL
REACHING NATIONS
SINCE 1969

**નહેમ્યા બાઈબલ કોલેજો**

લાયકાત:
૧૦મું ધોરણ પાસ કે તેથી વધુ

ચેપોક અને સંથોષપૂરમ, વેલાચેરી, ચેનાઈ

ધર્મશાસ્ત્રમાં ડિપ્લોમા & Bachelor of Theology

માધ્યમ : તામિલ (અર્ધ સમય માટે)
હિન્દી (નિવાસી) (સ્પોન્સરશિપ ઉપલબ્ધ છે)

પ્રવેશ માટે ઝડપ કરશો!
માન્યતા પ્રાપ્ત: છેલ્લા ૫૬ વર્ષોથી
આંતરરાષ્ટ્રીય ખ્રિસ્તી આગેવાનો અને
વડીલ પાળકો દ્વારા

સંપર્ક કરો : ચેરમેન - નહેમ્યા બાઈબલ કોલેજ
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## MAIN CHURCH PROGRAMMES

1. Prayer Service : 24 hours
2. **ECHO OF HIS CALL** - Monthly Magazines :English, Tamil, Malayalam, Telugu, Hindi, Kannada, Marathi, Gujarati, Bengali, Odiya, Nepali, Assamese, Punjabi, Urdu, Sinhala & Afrikan.
3. **BIBLECOR -** Basic Bible Courses (English, Tamil & Hindi)
4. Theological Correspondence Courses: English & Tamil
5. Nehemiah Bible Colleges (Chepauk, Santhoshapuram & Velachery)
6. Branch Churches: Santhoshapuram, Balaji Nagar & Velachery
7. Great Commission Partners (Network of Pastors)
8. Training Programmes – Seminars & Retreats
9. Crusades
10. Literature Distribution and Follow Up
11. Gospel Printing Press - Publications
12. St. Paul's Matriculation School - Village English High School
13. Sunday Schools (Chepauk) : 10.30 a.m. Sunday & (Velachery, Balaji Nagar & Santhoshapuram) 3.00 p.m. Sunday
14. **Early Morning Service : 5.30 a.m. Sunday**
15. **Preliminary Service : 8.00 a.m. Sunday**
16. **Tamil Service : 8.30 a.m. Sunday**
17. **Youth Meeting : 11.00 a.m. Sunday**
18. **Fellowship Lunch : 1.00 p.m. Sunday**
19. **Telugu Service : 4.00 p.m. Sunday**
20. **Hindi Service : 5.00 p.m. Sunday**
21. **Tamil & English Service : 6.00 p.m. Sunday**
22. Feedback Time : 7.30 p.m. Sunday
23. Women's Prayer : 5.30 p.m. Wednesday
24. Men's Prayer : 7.30 p.m. Friday
25. Discipleship Meeting : 6.00 p.m. Saturday
26. House Meetings : 6.30 p.m. Tuesday & Thursday
27. Special Holy Communion : 6.00 a.m. 1st day of each month
28. Ministers' Meeting : 5.30 p.m. First Saturday
29. Parents' Prayer : 4.00 p.m. First Sunday
30. Night Prayer : 9.30 p.m. Third Friday
31. Fasting Prayer : 9:30 a.m. Second Saturday
32. Holy Communion : Second Sunday Service
33. Youth / Kid Prayer : 10.00 p.m. daily (over phone)
34. Staff Devotion : 9.00 a.m. daily
35. Office : 9.00 a.m. to 9.00 p.m. (except Sundays)

(પાન ૪ પરથી આગળ...)

અથવા સારી બાબતો કરવા વિશે હોય, દરરોજનું વિશ્વાસુ પણું મહત્વનું છે.

તાજેતરમાં, હું એક જુવાનને મળી હતી જેણે મને કહ્યું કે તે ખ્રિસ્ત સાથે ચાલવાનું પસંદ કરે છે પરંતુ સમતોલન જાળવવા માટે સંઘર્ષ કરે છે. કેટલાક દિવસોએ તે ઈશ્વરની ખૂબ નજીક હોય એવો અનુભવ કરે છે કે તે બાઈબલ વાંચન કરતા, પ્રાર્થના કરતા, ભક્તિ કરતા અને સુવાર્તાના ગીતો અને સંદેશા સાંભળતા તેમની હાજરીમાં કલાકોના કલાકો વિતાવે છે. તેમ છતાં અન્ય દિવસોમાં, તેના મનની સ્થિતિ એટલી ખરાબ હોય છે કે તે ભાગ્યે જ બાઈબલ ઉઘાડવા કે તેના વિશે વિચારવા માંગે છે.

કદાચ તમારામાંથી કેટલાકને પણ એવું જ લાગશે. મેં તેને કહ્યું: આ એક છટકું છે, અને તમારે તેમાં રહેવું જોઈએ નહિ. બહાર નીકળવાનો એકમાત્ર રસ્તો ઈરાદાપૂર્વકની પસંદગી દ્વારા છે – ચાલુ રાખવું, વિશ્વાસુ રહેવું, અને તમને કેવું પણ લાગે તો પણ આગળ વધતા રહેવું.

કેટલીકવાર, તમારે ઈરાદાપૂર્વક કાર્ય કરવાની જરૂર પડશે – એટલા માટે નહિ કે તમને તે લાગે છે, પણ તે જરૂરી છે માટે. અમુક સમયે, એવું લાગે છે કે આપણે ફક્ત ઢોંગ કરી રહ્યા છીએ, પણ વાસ્તવમાં, આપણે અમલ કરી રહ્યા છીએ. સાતત્યતા માટે શિસ્તની જરૂર હોય છે, અને શિસ્ત ઈરાદાપૂર્વક હોવી આવશ્યક છે; નહિંતર, આપણે નિશાન ચૂકી જઈશું.

(આગળ પાન ૯ પર...)

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે ઈકો ઓફ હીજ કોલ માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા ઈકો ઓફ હીજ કોલ શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | |
|---|---|
| **Account Name** | **: ECHO OF HIS CALL EDUCATIONAL TRUST** |
| **Account Number** | **: 1023 2923 805** |
| **Bank Name** | **: STATE BANK OF INDIA** |
| **Branch** | **: TRIPLICANE, CHENNAI - 600 005** |
| **IFSC Code** | **: SBIN 0000249** |
| **SWIFT Code** | **: SBI NIN BB 455** |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

**"જે વાંચે, તે સમજે"** (માથ્થી ૨૪:૧૫)

## ઈશ્વર નિર્બળોની પ્રાર્થનાઓનો જવાબ આપે છે!



મારા ૧૦.૦૮.૧૯૬૯થી ઈશ્વરની કૃપાથી, મેં મારી સુવાર્તા મિનિસ્ટ્રીની શરૂઆત સેવાકીય તાલીમ, ટ્રાક વિતરણ, પ્રાર્થના સભાઓમાં દોરવણી પૂરી પાડવી અને ચર્ચોમાં વચનનો ઉપદેશ આપીને કરી હતી.

ભાગ્યે જ કોઈ મને ઈશ્વરના સેવક તરીકે ઓળખાતા હતા, કારણ કે હું જુવાન હતો અને આ ક્ષેત્રમાં નવો હતો. આ ઉપરાંત મિનિસ્ટ્રીમાં ચાલુ રહેવા મારા માટે નાણાં એ એક મોટો અવરોધ હતો. પરિણામે મારે દરરોજ ઘણા માઇલ ચાલવું પડતું હતું અને મેં મારી મિનિસ્ટ્રી ચાલુ રાખી હતી. તેથી ઘણે દૂર સુધી ચાલવું અને ભૂખમરો મારી મિનિસ્ટ્રીનો એક ભાગ બની ગયો હતો. સેવાકાર્ય કરવા અને મિનિસ્ટ્રી માટે સાધનો ખરીદવા માટે ઘણા બધા નાણાંની જરૂર હતી.

મારી મિનિસ્ટ્રીની શરૂઆતથી મને મારા કોઈપણ મિત્રો અને સંબંધીઓ પાસેથી કોઈપણ પ્રકારનો ટેકો મેળવવા માટે અરજ ન કરવાની મજબૂત પ્રતીતિ હતી. કેમ કે ઈશ્વરે મને તેડ્યો હતો, તેથી તેમણે તેમના કાર્ય માટે સર્વ પૂરું પાડવાનું હતું. ઈશ્વરે મને આજ સુધી આ સિદ્ધાંતને વળગી રહેવામાં મદદ કરી છે. આ સિદ્ધાંતને અનુસરવાથી મારે અવર્ણનીય મુશ્કેલીઓ અને પડકારોનો સામનો કરવો પડ્યો હતો.

કોઈ ચોક્કસ પરિસ્થિતિમાં વ્યવસ્થા કરવામાં સક્ષમ ન થવાને કારણે મારા પર માનસિક અને શારીરિક રીતે અસર કરી હતી. મારા એક સંબંધી શ્રી સ્વર્નારાજે મારા માટે પરિવહન વિભાગમાં સરકારી નોકરી મેળવી આપવાનો પ્રયાસ કર્યો હતો; અને ઈશ્વરના એક સેવક, ભાઈ કોલિન્સે પલાપાલ્લામે, માથિકોડેમાં અને મારા એક મિત્રએ મને ખાનગી કંપનીમાં નોકરી મેળવી આપવાનો પ્રયાસ કર્યો હતો; તેમના બંન્નેના પ્રયત્નો નિરર્થક નીવડ્યા હતા.



આવી પરિસ્થિતિમાં, જ્યારે હું ૧૭.૦૫.૧૯૭૧ના રોજ ઉપવાસ કરી રહ્યો હતો ત્યારે પ્રભુના આત્માએ મને કાયમી નોકરી માટે પ્રાર્થના કરવા માટે ભારે દોરવણી પૂરી પાડી હતી. પ્રાર્થનાના પરિણામે, મને એવા શબ્દોથી મજબૂત પ્રતીતિ મળી હતી, કે ''એક મહિનાના સમયમાં હું તને કાયમી નોકરી આપીશ અને તું તેની સાથે જીવી શકશે.'' શાસ્ત્ર અનુસાર જે કહે છે, **''તેના વિષે આપણને જે હિંમત છે તે એ છે કે જો આપણે તેની ઈચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે; પણ જો આપણે જાણીએ કે જે કંઈ આપણે માગીએ તે સંબંધી તે આપણું સાંભળે છે, તો આપણે તેની પાસે જે માગ્યું છે તે આપણને મળે છે, એ પણ આપણે જાણીએ છીએ.''** ૧ યોહાનનો પત્ર ૫:૧૪, ૧૫. મને નવી નોકરી મળી જશે એવું માનતા, મેં તેમાં જોડાવા માટે દરેક સંભવિત તૈયારી કરી લીધી હતી. મારી પ્રવૃત્તિઓ જોનારા ઘણા લોકોએ મારી માનસિક સ્થિતિ વિશે શંકા શરૂ કરી દીધી હતી. પણ તેમના વિશે પરવા ન કરતા, મેં ઈશ્વરમાં સંપૂર્ણ વિશ્વાસ રાખ્યો હતો.

જેમ જેમ દિવસો વીતતા ગયા, હું દરરોજ ટપાલીની આતુરતાથી અપેક્ષા સાથે રાહ જોતો હતો. આખો મહિનો પસાર થયા પછી, બરાબર ૧૮.૦૬.૧૯૭૧ના રોજ હું પ્રભુ પરના વિશ્વાસમાં પોસ્ટ ઓફિસમાં ગયો. જેવો ટપાલી શ્રી નેલાઈઆપ્પાને મને જોયો, કે તરત જ તેમણે મને સંકેત આપ્યો કે મારા માટે કંઈ નથી. તેમ છતાં ઈશ્વરના વચનોને વળગી રહીને, હું ત્યાં જ બેઠો અને પ્રાર્થના કરી રહ્યો હતો. થોડીવારમાં મારા મોટા આશ્ચર્ય વચ્ચે, તે જ ટપાલીએ કહ્યું, ''સામ, તમારા માટે એક રજિસ્ટર્ડ ટપાલ આવી છે, સહી કરો અને તેને લઈ લો.''





પત્ર ખોલતાં, મને લાગ્યું કે તે કામગાર વિભાગમાં જોડાવા માટે તામિલનાડુ પબ્લિક સર્વિસ કમિશન ઓફિસ, ચેન્નાઈ તરફથી નિમણૂકનો પત્ર હતો. તે કેટલાક વર્ષો પહેલાની મારી લેખિત પરીક્ષાનું પરિણામ હતું. તે મારી ઉત્સાહપૂર્ણ કરવામાં આવેલી પ્રાર્થનાનું ફળ હતું અને એક ચમત્કાર થયો હતો. હા, પ્રાર્થના એક અદ્ભુત આત્મિક હથિયાર છે.





*૧૯૯૪માં મારી સરકારી નોકરી છોડતી વખતે, શ્રી એ. શેનબાગમ, બી. ઈ. , ફેક્ટરીઓના મુખ્ય નિરીક્ષક દ્વારા વિદાય તથા મારા સહકાર્યકરો સાથે*



*જ્યારે મેં મારી સરકારી નોકરી છોડી ત્યારના મારા સહકાર્યકરો – ૧૯૯૪*

હું ખુશીથી ચેન્નાઈ આવ્યો અને નોકરીમાં જોડાયો હતો. નોકરીમાંથી મારા પગારનો મોટો ભાગ મારી મિનિસ્ટ્રીમાં રોકવામાં આવ્યો હતો. ઈશ્વરની કૃપા અને માણસોની કૃપાને આધારે, સરકારે સરકારી સેવા સાથે મારી મિનિસ્ટ્રીને આગળ વધારવાની વિશેષ મંજૂરી આપી હતી. પાછળથી, ૧૯૯૪માં, પ્રભુએ મને સંપૂર્ણ સમયની મિનિસ્ટ્રીની સેવા માટે સરકારી નોકરી છોડી દેવાનો આદેશ આપ્યો અને મેં તેમનાં તેડાંનું પાલન કર્યું અને સંપૂર્ણ સમયની મિનિસ્ટ્રીમાં પ્રવેશ કર્યો.

આપણા ઈશ્વર ભલા ઈશ્વર છે! તેઓ સમયપાલનની બાબતમાં નિયમિત છે! તેમને મજબૂત રીતે વળગી રહો!! તમને સફળતા મળશે !!! તેઓ આજે તમારી ઉપર આતુરતાથી દ્રષ્ટિ રાખે છે.

"**દ્રઢ મનવાળાને તું શાંત જ રાખીશ; કેમ કે તેનો ભરોસો તારા પર છે.**" – યશાયા ૨૬:૩.

~~~~~~

(પાન ૭ પરથી આગળ...)

તેથી જ બાઈબલ આપણને શીખવે છે કે આપણે જેની પણ શરૂઆત કરીએ છીએ, તે આપણે પણ પૂર્ણ કરવું જોઈએ – કારણ કે માત્ર ત્યારે જ આપણે આપણા પ્રયત્નો માટે બદલો મેળવી શકીશું. "**તમે પોતાના વિષે સાવધ રહો, જેથી અમે જે કામ કર્યું છે તેનો નાશ ન કરો, પણ તેનું પૂરું પ્રતિફળ પામો.**" – ૨ યોહાનનો પત્ર ૧:૮.

આવો પ્રભુ આપણને વિશ્વાસપૂર્વક દોડ દોડવા માટે સામર્થ્યવાન કરે. તેમણે આપણને જે કાર્ય માટે તેડ્યા છે તે પૂર્ણ કરવા માટે તેઓ આપણને સક્ષમ કરશે, જેથી જ્યારે તેઓ રણશિંગડાના અવાજ સાથે પાછા આવે ત્યારે આપણે આપણું ઈનામ પ્રાપ્ત કરી શકીએ!

## ૭. જેઓ ઈશ્વરના વચનનો વિરોધ કરે છે તેનાથી ચેતીને રહો!

અંતે, શાસ્ત્ર જેઓ ઈશ્વરના રાજ્યનો પ્રતિકાર કરે છે એવા લોકોથી પોતાની જાતને બચવાનું શીખવે છે. પાઉલ તિમોથીને ચેતવણી આપે છે: "**તેનાથી તું પણ ચેતીને રહેજે, કેમ કે તેણે અમારાં વચનોની સામે ઘણો વિરોધ દર્શાવ્યો છે.**" – ૨ તિમોથીને પત્ર ૪:૧૫.

મોટે ભાગે, કારણ કે બાઈબલ આપણને દરેકને પ્રેમ કરવા અને ધીરજ રાખવાનું શીખવે છે – "**જો બની શકે, તો ગમે તેમ કરીને સઘળાં માણસોની સાથે હળીમળીને ચાલો.**" – રોમનોને પત્ર ૧૨:૧૮. – આપણે મંડળીમાં અને સમાજમાં બંનેમાં એવા લોકોને સહન કરી શકીએ છીએ, જેઓ ખ્રિસ્તના શરીરની એકતાને નબળી પાડે છે. તેમ છતાં અહીં, આપણે જોઈએ છીએ કે પાઉલ કેવી રીતે ઈશ્વરના વચનની તથા તેમના કાર્યની વિરુદ્ધ કામ કરે છે તેમને દ્રઢતાપૂર્વક ઠપકો આપે છે.

તેઓ આપણને પોતાની જાતની રક્ષા કરવા, સાવચેતીભર્યા રહેવા, અને જૂઠાં ઉપદેશો સામે જાગૃત રહેવાનું પણ શીખવે છે. આ છેલ્લા દિવસોમાં, જેમ બાઈબલે આપણને પહેલેથી જ ચેતવણી આપી છે, સત્યની ઘોષણા કરવાને બદલે લોકોના મનોને અને ઈચ્છાઓને સંતોષવા માટે ઘણા ઉપદેશો રજૂ કરવામાં આવી રહ્યા છે. ઉપદેશકો તેમની મંડળીના સભાજનોને નાખુશ કરવાના ડરથી સત્ય બોલવાનું ટાળે છે. પરિણામે, દરેક સ્તરે સમાધાનો જોવા મળે છે.

હું ઘણી વાર પિતરની નીડરતાથી આશ્ચર્યચકિત થઈ ગયો છું, જ્યારે તેણે જાહેર કર્યું હતું, "**માણસોના કરતાં દેવનું અમારે વધારે માનવું જોઈએ!**" – પ્રેરિતોનાં કૃત્યો ૫:૨૯. પ્રશ્ન એ છે : આજે કેટલા આગેવાનો અને વિશ્વાસીઓ આવા નિવેદન આપવા માટે તૈયાર હોય છે? શું આપણી પાસે બધા અવરોધોની સામે ઊભા રહેવાની હિંમત છે? શું આપણે નીડરતાથી કહી શકીએ, "હું આ વ્યક્તિ અથવા આ નિર્ણયને સ્વીકારીશ નહિ કારણ કે તે ઈશ્વરના વચનની વિરુદ્ધ છે"?

તે આ જ સંદર્ભમાં છે કે ઈશ્વર આ છેલ્લા દિવસોમાં આપણને આપણી જાતની રક્ષા કરવા, સજાગ રહેવા માટે કહે છે.

વહાલા મિત્રો, આપણે સાત ક્ષેત્રો પર મનન કર્યું છે જ્યાં બાઈબલે આપણને આપણા જીવનોની ચોકી રાખવાની સૂચના આપી છે. મારી પ્રાર્થના એ છે કે ઈશ્વર આપણને આપણી જાતનું રક્ષણ કરવા અને તેમના વચન પર દ્રઢ ઊભા રહેવાનું જ્ઞાન અને હિંમત આપશે – કેમ કે તેમનું આવવું ઘણું નજીક છે.

ઈશ્વર તમ સર્વને આશીર્વાદિત કરો!

## નોટિસ

આપના મોબાઈલ ફોનમાં અમારા મોબાઈલ નંબર સેવ કરી રાખશો
(+91) 98410 71858,
(+91) 98412 71858
(main numbers) – સંપાદક
~~~~~~

Posted at "Egmore RMS Patrika Channel" RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/24-26 WPP NO. TN/PMG(CCR)/WPP-216/24-26

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ
### સબસ્ક્રાઈબ કરો

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### 1. Bank : State Bank of India

Branch : Triplicane, Chennai-5
Name : S. Sam Selva Raj
A/C No. : 1023 2934 679
IFSC : SBIN 00 00 249
SWIFT CODE : SBI NIN BB 455

### 2. Bank : ICICI Bank

Branch : Anna Salai, Chennai-6
Name : Echo of His Call
A/C No. : 6038 0502 2319
IFSC : ICIC 000 6038

### 3. Bank : State Bank of India

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : Triplicane, Chennai-5
Name : Echo of His Call Educational Trust
A/C No. : 1023 2923 805
IFSC : SBIN 00 00 249

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક સ્કૂલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ-૧૦૦/-  આજીવન લવાજમ રૂ-૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઉનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.org

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/24-26
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/24-26
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS Patrika Channel"
on 16th OCTOBER 2025
If un-delivered please return to:
ECHO OF HIS CALL (GUJARATI)
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

*JESUS LOVES YOU!*

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**